# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧.

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૩/સેવા જોડાણ આદેશ/૨૦૨૬/ તા. /૦૭/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
યાદી મુજબની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત, જિ-સુરત.

**<u>વિષય :</u>** આચાર્યશ્રી અને જૂના શિક્ષકની સેવા જોડાણની દરખાસ્ત મંજુર થયેલ યાદીની જાણ કરવા બાબત.

**<u>સંદર્ભ :</u>** નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક), ગાંધીનગરનાં પત્ર ક્રમાંક :- cos/0236/07/2026, તારીખ:-09/07/2026.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં આચાર્યશ્રી અને જૂના શિક્ષકની સેવા જોડાણની દરખાસ્ત મંજુર થયેલ કર્મચારીઓની સેવા સળંગ ગણવાનો આદેશ ઉકત સંદર્ભથી કરવામાં આવેલ છે. જેની યાદી આ સાથે સામેલ છે. જે યાદીમાં દર્શાવેલ કર્મચારીઓને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે. જેની નોંધ લેશો.

**<u>બિડાણ:-</u>** ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.


*Signature Not Verified*

*Signed by:Dr. Bhagirathsinh S. Parmar*
*District Education Officer*
*Date:2026.07.10 16:46:21 +5:30*



File No: DEOSURT/GIAESTA/e-file/3872/2026/0172/Ma-3
Approved By: District Education Officer,Inspection,DEOSURT


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**FileNo.-** COS/NKJ/e-file/276/2026/1527/SECONDARY/pen-1

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેકટર ૧૯, ગાંધીનગર,
તા.ઈ-સાઈન મુજબ.

<u>વંચાણે લીધા:</u>

(૧) નાણાં વિભાગના કરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮/૧૧/૨૦૨૪.

(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૧૬/૦૪/૨૦૨૫.

(૩) શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક: SSN–3470–41845–G, તા.૨૧/૧૨/૧૯૭૧.

(૪) શિક્ષણ વિભાગના Letter No: ED/0061/01/2026 Approved Date: 01-01-2026.

(૫) શિક્ષણ વિભાગના Letter No: ED/0408/01/2026 Approved Date: 13-01-2026.

(૬) અત્રેની કચેરીના Letter No: COS/0304/02/2026 Approved Date: 11-02-2026.

(૭) અત્રેની કચેરીના Letter No: COS/0161/06/2026 Approved Date: 06-06-2026.

(૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, **સુરત** દ્વારા તા.૧૮/૦૬/૨૦૨૬ના રોજ કેમ્પમાં રજુ કરેલ દરખાસ્તો.

<u>કચેરી આદેશ:</u>

નાણા વિભાગના આમુખ-(૨)ના ઠારવની ૩. ગ. ની જોગવાઈ નીચે મુજબ છે.

*"તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવના ફકરા-૧ મુદ્દા (અ), (બ) અને (ક) (૧) મુજબના જે અધિકારી/કર્મચારી પ્રથમ નિમણૂંકની સેવા પરથી ફરજ મુક્ત થઈટેકનીકલ કારણોથી રાજીનામું આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તેવા કેસોમાં સંબંધિત કચેરીએ અધિકારી/કર્મચારીની સેવા સળંગ કરવા અને તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવના લાભો આપવા અંગેના કેસોમાં સંબધિત વિભાગ મારફત વિભાગના વડાએ અધિકારી/કર્મચારીની પાત્રતા અંગે પૂરતી ચકાસણી કર્યા બાદ જ નાણા વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. નાણા વિભાગ દ્વારા સેવા સળંગ અને જૂની પેન્શન યોજનામાં જોડાવાની મંજૂરી આપ્યા બાદ વહીવટી વિભાગ દ્વારા વિગતવાર હુકમ કરવાના રહેશે તેમા ઉક્ત હુકમ નાણા વિભાગની મંજૂરીથી કરવામાં આવેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે."*

ઉક્ત જોગવાઈ અનુસંધાને સેવા જોડાણની કાર્યવાહી માટે અત્રેની કચેરી દ્વારા શિક્ષણ વિભાગ પાસેથી માર્ગદર્શન/સ્પષ્ટતા માંગેલ હતી. જેના અનુસંધાને શિક્ષણ વિભાગ દ્વારા આમુખ-(૫)ના પત્રથી નીચે મુજબ માર્ગદર્શન/સ્પષ્ટતા આપેલ.

*"મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણૂંક પામેલ કર્મચારીઓના કેસોમાં શિક્ષણ અને લેબર વિભાગના તા.૨૧/૧૨/૧૯૭૧ના ઠરાવની નિયત થયેલ કાર્યપધ્ધતિ ધ્યાને લેતાં, હાલમાં જુની પેન્શન યોજનાનો લાભ આપવા માટે સેવા સળંગ કરવા બાબતે નાણા વિભાગની અલગથી મંજુરી મેળવવાની રહેતી નથી. વધુમાં નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવમાં સરકારશ્રીની મંજૂરી મુજબ નિયત થયેલ કાર્યપધ્ધતિ મુજબ આપની કક્ષાએથી જ નિયમોનુસારની આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવાની રહેશે."*

જે અન્વયે સેવા જોડાણ માટે ચેકલિસ્ટ, પત્રક, બાંહેધરી પત્રક અને પ્રમાણપત્રોના નમુના નક્કી કરી અત્રેની કચેરીના આમુખ-(૬)ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણૂંક પામેલ હોય અને નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની સેવા જોડાણની

દરખાસ્તો તૈયાર કરવા માટે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીઓને જણાવેલ હતુ.

જે મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી **સુરત** દ્વારા અત્રેની કચેરી ખાતે આયોજિત રૂબરૂ કેમ્પ દરમિયાન નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની સેવા જોડાણ માટે નિયત કરેલ ચેકલીસ્ટ, પત્રક, બાંહેધરી પત્ર, પ્રમાણપત્રો અને જરૂરી આધારો સાથે દરખાસ્ત રજુ કરેલ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી **સુરત** દ્વારા જિલ્લા હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓની રજુ કરેલ દરખાસ્ત અને સેવાકીય વિગતો અન્વયે નીચે કોષ્ટકમાં કોલમ-(૨)માં દર્શાવેલ કર્મચારીઓની તેઓના નામની સામે કોલમ-(૫) માં દર્શાવેલ સેવાને **માત્ર જુની પેન્શન યોજનાના હેતુ માટે** સળંગ ગણવા માટે આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ | હાલનો હોદ્દો/નિવૃતિ સમયનો હોદ્દો | હાલની/નિવૃતિ સમયની શાળાનું નામ | સેવા સળંગ ગણવાનો સમયગાળો અને વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સોલંકી જીતેન્દ્રસિંહ તખતસિંહ | મદદનીશ શિક્ષક | જાગૃતિ ઉત્તર બુનિયાદી વિધાલય, અરેઠ તા-માંડવી,સુરત. | 1 . તા.24-07-2000 થી તા.23-07-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.24-07-2005 થી તા.26-10-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.27-10-2007 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨ | પટેલ ભારતીબેન મગનભાઈ | મદદનીશ શિક્ષક | એમ.ટી.જરીવાલા માધ્યમિક શાળા, અઠવાલાઈન્સ, સુરત. | 1 . તા.25-10-2002 થી તા.23-12-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.24-12-2007 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૩ | પટેલ પંકજકુમાર નાથુભાઈ | આચાર્ય | ઉત્તર બુનિયાદી વિધાલય વિધાવિહાર, બેડી ફળીયા મઢી, સુરત. | 1 . તા.18-04-2002 થી તા.17-04-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.18-04-2007 થી તા.17-10-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.18-10-2007 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૪ | વાંસદિયા જિજ્ઞાસાબહેન રાયસિંહ | આચાર્ય | જય શંકરદાદા હાઈસ્કુલ, વેલાછા, સુરત. | 1 . તા.21-10-2002 થી તા.20-10-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.21-10-2007 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |

પ્રસ્તુત બાબતની નોંધ સંબંધિત કર્મચારીશ્રીની સેવાપોથીમાં કરવાની રહેશે.

Signature valid
Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.07.09 17:34:07 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**નોંધ પર માન. કમિશનરશ્રીની મળેલ મંજુરી અન્વયે**

**ઈ-સાઈન**

**નાયબ શિક્ષણ નિયામક**

**માધ્યમિક**

**ગુ.રા.ગાંધીનગર**

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
- સંચાલકશ્રી/આચાર્યશ્રી, કોષ્ટક મુજબનાં કર્મચારીશ્રીઓની શાળાઓ.(જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે)
- કોષ્ટક મુજબનાં કર્મચારીશ્રીઓ (સંબંધિત શાળા મારફતે)
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ગ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (જાણ સારૂ)
- શ્રેયાન અધિક્ષકશ્રી, પીએફ-૧ દફતર, સદર કચેરી.
- હુકમ ફાઇલે.

Signature valid

Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.07.09 17:34:07 IST